

~ સદ્ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

# અનુપમની હે અમૃતધારા...!

વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ-૬૮,
'અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું'નું નિરૂપણ
૨૦ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

**આજે** વચનામૃત ગઢડા પ્રથમના ૬૮થી આપણે પારાયણની શરૂઆત કરીએ છીએ. આ વચનામૃતનું મહત્ત્વ એટલે વધારે છે કે, સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદ નોમના દિવસે સ્વામી શ્રી સહજાનંદજીએ વાત કરી છે. ચૈત્ર સુદ નોમ એટલે ભગવાનનો પ્રાગટ્યદિન. પોતાના પ્રાગટ્યદિને ભગવાને પોતે એવો નિર્દેશ કરી દીધો છે કે, હું આ મૂર્તિમાં ને મારા સંતમાં અખંડ બિરાજમાન છું. એ રીતે પણ આ વચનામૃત બહુ સુંદર નિર્દેશ કરે છે, પ્રભુ આપણને પ્રાગટ્યદિનની ગિફ્ટ આપે છે. પોતાના પ્રાગટ્યદિનના શુભ દિવસે સ્વામિનારાયણ ભગવાન આ બહુ અગત્યની, મુદ્દાની અને સદા દિવ્ય સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસનાનો પાયો નાખે છે.

***...અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.***

વચનામૃતની આ પદ્ધતિ છે. યોગીબાપા એમ કહેતા કે, જ્યારે વચનામૃત આપણે વાંચીએ, ત્યારે માનસીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સભા ભરાઈને બેઠી છે અને આપણે એ સભામાં ઉપસ્થિત છીએ અને ભગવાનના શ્રીમુખેથી વચનોરૂપી અમૃતનું પાન કરી રહ્યા છીએ તેવો ભાવ રાખવો. અને એટલે આ સંતોએ પણ વચનામૃતનું જે પદ્ધતિથી લખાણ કર્યું છે એમાં પણ મહારાજ ક્યાં ? ક્યારે ? કેવી રીતે બેઠા છે ? કેવાં વસ્ત્રો પહેર્યાં છે ? એનું સુંદર વર્ણન કર્યું છે. માનસીમાં ભગવાનને ધારીને, ભગવાનની અમૃતવાણીનું પાન કરું છું એવા ભાવથી આ વચનોને ધારવાં એવું યોગીબાપા સમજાવતા, શિખવાડતા. અને એમની હાજરીમાં પાંચ ટાણાંની કથામાં વચનામૃત વંચાતું ત્યારે પણ તેઓ આ વાતની પ્રતીતિ કરાવતા.

આ વચનામૃતનું પારાયણ એ કોઈ જ્ઞાન પ્રદર્શનનો પ્રયાસ નથી. અહીંયાં આપણે જ્ઞાનની વાત કરવાની જ નથી, ભક્તિની વાત કરવાની છે. અને એ ભક્તિ સાચી રીતે, સારી રીતે, સમજણપૂર્વકની આપણે કરી શકીએ એના માટે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનનો આધાર લેવાનો છે. ત્રણ દિવસનો આપણો આ સ્વાધ્યાય ! મારો પણ અને આપ સૌનોય પણ. એમાંથી જેટલું ખપનું હોય એટલું આપણે લેવું. આપણને જેટલું લાગું પડતું હોય એના માટે અંતર-તપાસ કરવી. અને છીએ એનાથી ભગવાનને વિશે ને ભગવાનના સંત - આપણા ગુરુહરિ સાહેબદાદાને વિશેની ભક્તિમાં વહેંત ઉપર ઊઠીએ-એટલું કરીએ એવી ભાવનાથી આપણે આ ત્રણ દિવસનું અનુષ્ઠાન કરવું છે. આપ બધા મુમુક્ષુજનો છો અને ભગવાનની વાણી સાંભળવા માટે ઉત્સુક છો, તો ભગવાનની શુદ્ધ અને પવિત્ર વાણી આપની સમક્ષ વાંચી સંભળાવવાની સેવા હું કરું છું.

પ્રશ્ન-ઉત્તરની પદ્ધતિથી વચનામૃતની ગૂંથણી કરવામાં આવી છે. એમાં ઘણી વખત મહારાજ પ્રશ્ન પૂછે છે, ઘણી વખત સંતો-ભક્તો પ્રશ્ન પૂછે છે અને ઘણી વખત મહારાજ સ્વયં કૃપાવાક્ય તરીકે પોતે ઉદ્ગાર કરે છે. આ જે વચનામૃત છે એમાં સ્વામિનારાયણ ભગવાન પોતે ભક્તોને-સંતોને પ્રશ્ન પૂછે કે, 'અમે એક પ્રશ્ન પૂછીએ છીએ.' ત્યારે મુનિઓએ કહ્યું કે, 'પૂછો.'

***પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમપુરીને વિશે જઈને, શ્રી જગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ...***

આપણે પાંચ ઇન્દ્રિયો સહિત જીવીએ છીએ, જ્યારે ભગવાન પોતે તો પાંચ ઇન્દ્રિયોને પોતાના યુગકાર્યને પ્રવર્તાવવા માટે સાધન તરીકે વાપરે છે. એટલે એમની નિદ્રાને યોગનિદ્રા કહેવામાં આવે છે. એવી એ નિદ્રામાં જ્યારે હોય ત્યારે એમને એવું ભાસતું - એટલે કે એવું દેખાતું કે, અમે પુરુષોત્તમપુરીને વિશે જઈને, શ્રી જગનાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ.

ભગવાન અષ્ટપ્રકારની મૂર્તિ દ્વારા પ્રગટ છે, એ વાત કરતાં પહેલાં, એમના સમયની જે વૈષ્ણવી પરંપરા, ભગવાન શ્રી કૃષ્ણની ઉપાસનાની જે પરંપરા, ને તે સમયમાં જે પધરાવેલી મૂર્તિઓ - એ મૂર્તિ પણ હું છું અને મારો એમાં પ્રવેશ છે એમ સ્વામિનારાયણ ભગવાન કહે છે. એ મૂર્તિને વિષે પ્રવેશ કરીને અમે રહ્યા છીએ એવું અમને ભાસે છે - એટલે એમને પણ એ મૂર્તિનું કેટલું બધું ચિંતવન છે, અનુસંધાન છે કે, એ મૂર્તિરૂપ પોતે થઈ ગયા છે ! એમ કહેવા માંગે છે. અને એની સાથે સાથે આપણને સર્વને પણ એમ કહેવા માગે છે કે, તમારે પણ મૂર્તિ સાથે એવો ભાવ જોડવો. અહીંયાં ઠાકોરજી પધરાવ્યા છે. જેનું આપણે પાટોત્સવ પૂજન કરવાના. દરરોજ જેની થાળ, આરતી, પૂજા, અર્ચના આપણે કરીએ છીએ, તો એ મૂર્તિનું માહાત્મ્ય સમજાવવા માટે સ્વામિનારાયણ ભગવાન પોતાનું મિષ લઈને જગન્નાથજીની મૂર્તિનો ઉલ્લેખ કરે છે. અહીંયાં કોઈ સાંપ્રદાયિક રીતે ભેદ કે બીજી કોઈ વાત આપણે કરતા નથી, પણ ભગવાન પોતાની ભાવસમાધિની વાત કરે છે. અને ત્યારે બહુ અગત્યની એમણે વાત કરી કે,

**...મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ. અને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય, પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા...**

ભગવાન અહીં વચનામૃતમાં જ જગન્નાથજીની મૂર્તિનાં દર્શન કરાવે છે કે, એ કાષ્ઠની મૂર્તિ છે. એટલે કે, લાકડામાંથી બનાવેલી મૂર્તિ છે. અમદાવાદમાં જગન્નાથજીના મંદિરની જે રથયાત્રા નીકળે છે ત્યારે રથમાં જે મૂર્તિ બેસાડે છે એ એની પ્રતિકૃતિ બેસાડે છે. અહીંયાં વચનામૃતના શીર્ષકમાં છે - અષ્ટપ્રકારની પ્રતિમા. એમાંની જગન્નાથજીની જે પ્રતિમા છે એ કાષ્ઠની પ્રતિમા છે અને કોડીની મોટી મોટી આંખો એને ચોંટાડી છે. એ દિવ્ય ચક્ષુથી ભગવાન સ્વામિનારાયણ કહે છે કે અમે જોયું.

અષ્ટ પ્રકારની મૂર્તિનો ઉલ્લેખ અહીંયાં કરી દઈએ. આપણે ત્યાં પથ્થરની મૂર્તિ - સંગેમરમરની - આરસની મૂર્તિ પધરાવી છે. મૂર્તિપૂજા એ આપણી પરંપરા છે. ભગવાનને પ્રતીક સ્વરૂપે માનવા, પૂજવા, આપણો ભાવ ભગવાન પ્રતિ અર્પણ કરવા માટે આપણે ભગવાનને એક આકાર આપીને પધરાવીએ છીએ, જેને આપણે મૂર્તિ કહીએ છીએ. એ મૂર્તિ કાં તો પાષાણની એટલે કે પથ્થરની હોય, લાકડાની હોય, પંચધાતુની હોય, ચિત્રપ્રતિમા હોય. ગુરુપરંપરાની મૂર્તિઓ આપણે ચિત્રપ્રતિમા રૂપે પધરાવી છે, તેને ફોટો ના કહેવાય. મારો-તમારો, આપણાં મમ્મી-પપ્પાનો ઘરમાં આપણે મૂક્યો હોય તે ફોટો કહેવાય. જ્યારે ભગવદ્‌ભાવનું જેનામાં આરોપણ કર્યું છે, એમને જ્યારે ચિત્રપ્રતિમા રૂપે પધરાવીએ ત્યારે એ મૂર્તિ કહેવાય. 'યોગીબાપાની મૂર્તિ આપો' એમ કહેવાય. 'યોગીબાપાનો ફોટો આપો' એમ ના કહેવાય. કાચની પણ પ્રતિમા હોય, રેતીની પ્રતિમા હોય. નાનાં નાનાં બાળકો દરિયા કિનારે, નદી કિનારે, રેતીની ઢગલી કરીને રેતીના ભગવાન બનાવે, રેતીનું મંદિર બનાવે, પછી એને વિસર્જિત કરી દે. એવી રીતે અલગ અલગ માધ્યમ દ્વારા ભગવાનનું ચિંતવન કરીને, ભગવાનને આકાર આપીએ છીએ. આકાર આપ્યો એટલે સાકાર થયા. નિરાકાર સ્વરૂપ નથી.

સાથે સાથે થોડી સંપ્રદાયની સાકારની ઉપાસનાની વાતને પણ સમજતા જઈએ. આકાર આપ્યો એટલે સાકાર થયા, આકાર વગરનું હોય તો નિરાકાર કહેવાય. જ્યારે આ વાત સમજાય ત્યારે પછી ધીરે ધીરે એ વાત પણ સમજાય કે, સર્વ ઠેકાણે પ્રભુનો વાસ છે ને તેવી બ્રહ્માકાર વૃત્તિ પણ થાય. ત્યારે તો 'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'

આપણે મંદિરમાં પ્રવેશ કરીએ અને ભગવાનની મૂર્તિ સામે ઊભા રહીએ ત્યારે સાવ કોરાકટ થઈને ના ઊભા રહેવું, પણ ભાવ સહિત ઊભા રહેવું. ભગવાન બિરાજમાન છે તેવા વિવેક ને આદર સહિત ઊભા રહેવું. એક પ્રેમ છે, એક આદર છે, એક માહાત્મ્ય છે; તો હૃદયનો ભાવ છે. તો એ મૂર્તિ ભલે પાષાણની હોય, પણ આપણા માટે જીવંત થાય છે. આપણા હૈયાની સાથે એના ભાવ એકરૂપ થાય છે. ઘણા લોકો દર્શન કર્યા પછી એમ કહે કે, આજે ઠાકોરજી બહુ ખુશ દેખાય છે. કારણ, તું ખુશ છું એટલે ઠાકોરજી ખુશ દેખાય છે. પુજારીએ જો ઠાકોરજીને પ્રેમથી સરસ વાઘા ધરાવ્યા હોય તો કહે, અદ્‌ભુત દર્શન થાય છે ! છે તો એનું એ જ રૂપ, છે તો એનું એ જ સ્વરૂપ કે જે આપણે આખું વરસ જોયું છે. પણ જો ભાવથી જોયું તો 'દર્શન' થયાં. આ ભાવથી જ્યારે દર્શન થાય ત્યારે ઘડીભર આપણે પણ રોમાંચિત થઈ જઈએ છીએ. પણ પછી પાછું ત્રણસો ને પાંસઠ દિવસ એવું રહેતું નથી. આ મારી-તમારી-સૌની વાત છે. પછી સ્વામિનારાયણ ભગવાન આગળ એમ કહે છે કે, **તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા.**

'સર્વને દેખતા.' આ મૂર્તિ છે તે જીવતીજાગતી છે. અને એ આપણને સર્વને જુએ છે. એટલે આપણે પણ જ્યારે એમને જોઈએ, ત્યારે હસતું મોઢું રાખીને એમનાં દર્શન કરીએ.

ગોંડલ મંદિરે વિદ્યાર્થી અવસ્થામાં સાહેબદાદા સાથે અમે જ્યારે સેવા કરવા જતા ત્યારે યોગીબાપા એટલો બધો પ્રેમ આપે, એટલું બધું હેત કરે, એમની મૂર્તિનું એવું ખેંચાણ થાય, કે એમની પાસે બેસી રહેવાનું ગમે. એ કંઈક સેવા ચીંધે તો ઝટઝટ સેવા કરીને પાછા એમની આગળ આવીને ડાહ્યા થઈને ગોઠવાઈ જઈએ; એવી મનોવૃત્તિ, એવું ખેંચાણ એ ગુરુની મૂર્તિનું રહેતું. પછી આરતીનો ડંકો પડે ત્યારે, યોગીબાપા એમની છેલ્લી અવસ્થા એટલે મંદિરનાં એટલાં બધાં પગથિયાં ચડીને આરતીમાં જાય નહીં, પણ અમને એમ કહે કે, 'જાવ બધા દર્શન કરી આવો.' એટલે અમે દોડતા દોડતા જઈએ અને અલપઝલપ ભગવાનનાં દર્શન કરી, આરતી કરીને વળી પાછા નીચે આવીને સભામંડપમાં યોગીબાપા પાસે બેસી જઈએ. એટલે યોગીબાપા પૂછે કે, 'ઠાકોરજીએ કેવાં વસ્ત્ર ધારણ કર્યાં છે ?', 'તેમની પાઘ કેવી હતી ?' અમે ધ્યાન રાખીને આવું બધું દર્શન ના કર્યું હોય. એટલે યોગીબાપા કહે, 'જાવ પાછા અને બરાબર દર્શન કરીને આવો.' પહેલાં ડોકિયું કરીને જોઈ આવ્યા હતા, હવે દર્શન કરવાનું છે. જોવું એ આંખની ક્રિયા છે, દર્શન કરવું એ આંખની સાથે હૃદયનો ભાવ જોડાય છે.

કોઈ બીમાર માણસ હોય તો હૉસ્પિટલમાં આપણે એને જોવા જઈએ. ટૉકિઝમાં કોઈ નવી સિનેમા રિલિઝ થઈ હોય તો આપણે જોવા જઈએ. પણ મંદિરે જોવા જવાનું ના હોય, મંદિરે દર્શન કરવાનાં હોય. ક્રિયા એ જ દેખાય છે, પણ જ્યારે હૃદય એની સાથે જોડાય છે ત્યારે આખો ભાવ બદલાઈ જાય છે.

યોગીબાપા અમને પાછા મોકલે. હવે તો પરીક્ષા લેવાના એટલે બરાબર ધ્યાનથી જોવાનું, ટીકીટીકીને જોવાનું ને પાછું બધું યાદ રાખવાનું. ત્રણ ગોખમાં ત્રણ ત્રણ જગ્યાએ દર્શન કરવાનાં અને બધુંય યાદ રાખવાનું. ઘનશ્યામ મહારાજે કેવો હાર પહેર્યો હતો ? હવે અમે તો એ ધ્યાન જ ના રાખ્યું હોય. અમને એમ કે, અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂછશે. યોગીબાપા મનુષ્ય શરીરમાં પૃથ્વી ઉપર વિચરતું ભગવાનનું દિવ્ય સ્વરૂપ હતું એવું સાહેબદાદાને મનાઈ ગયું હતું. એમના હેત ને પ્રેમથી અમે બે-બે વખત દાદરા ચઢી, વળી પાછા દર્શન કરી આવીએ ત્યારે યોગીબાપાના પ્રશ્નના માધ્યમ દ્વારા ભગવાન પણ અમારી હાજરીની નોંધ લે છે એ વાતની ખબર પડી હતી.

પછી સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, ***"નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા."***

પડદો બંધ હોય, અંદર પૂજારી ને ઠાકોરજી બે જ હોય. 'ગરબડ ગોટો, પરભુ મોટો', ઘંટડી વગાડી દીધી ને ઠાકોરજીને પતાવી દીધા. તો બંધ પડદે શું કર્યું ? ફ્રિજમાં રાખી મૂકેલું, સવારનું સાંજે ખવડાવી દીધું, કોને ખબર ? પૂજારી ને ઠાકોરજી એ બે જ જાણે. એ બિચારા એટલા ડાહ્યા કે, થાળી પછાડે નહીં ને કોઈને ફરિયાદ કહે પણ નહીં, એટલે આપણને પણ ખબર ના પડે, કે સવારનું ફ્રિજવાળું સાંજે જમાડ્યું હતું. આ દયાળુ ! કોઈને કશું કહેતા નથી. એટલે પૂજારીની પણ બહુ પવિત્ર ફરજ થઈ પડે. ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય કે, ભગવાન મૂર્તિમાં રહ્યા છે અને એ પ્રભુ મને જોઈ રહ્યા છે, જાણી રહ્યા છે-'તન કી જાણે, મન કી જાણે, જાણે ચિત્તકી ચોરી.' તેઓ બધું જાણે છે, જુએ છે, તેઓ અંતર્યામી છે.

***...અને એવી રીતે આપણા સત્સંગમાં જે સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે...***

અહીંયાં 'સમાધિનિષ્ઠ' શબ્દપ્રયોગ કર્યો. ભગવાને એવું ના કીધું કે, હું દેખું છું. સમાધિનિષ્ઠ એટલે અહીંયાં આપણે એનું અર્થઘટન કરીશું પ્રગટ સત્પુરુષ ! પ્રગટ સત્પુરુષ છે તે બધામાં પ્રવેશ કરીને સર્વને દેખે છે. આપણાં હિન્દુ શાસ્ત્રોમાં 'પરકાયા પ્રવેશ વિદ્યા' વિશે આવે છે. બીજાની કાયામાં પ્રવેશ કરીને, એની અંદર શું ચાલી રહ્યું છે, એ કેવું અનુભવી રહ્યો છે, એના દ્વારા સુખ અને દુઃખને અનુભવવું એને પરકાયા પ્રવેશ કહેવામાં આવે છે. અહીંયાં મહારાજે કહ્યું કે, એવા 'આપણા સત્સંગમાં' - આ શબ્દપ્રયોગને સમજજો. આ બીજા કોઈની વાત થતી નથી, આપણી વાત થાય છે. અને જે આપણે અહીંયાં બેઠા છીએ એમની વાત થાય છે. આપણા સત્સંગમાં આપણા સમાધિનિષ્ઠ પુરુષ તો સાહેબદાદા છે. અને એ સાહેબદાદા છે તે સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે, અને સર્વ શબ્દને સાંભળે છે.

હવે આપણે જેમ શાસ્ત્રનો આધાર લઈએ છીએ, એમ સ્વામિનારાયણ ભગવાન પણ એમના સમયકાળ પહેલાં થયેલાં શાસ્ત્રોનો આધાર લઈને વાત સમજાવે છે કે, **શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા...** આ પરકાયા પ્રવેશ કે, બ્રહ્મ વ્યાપક છે અને સર્વત્ર છે અને પરબ્રહ્મને ધારીને રહ્યા છે. *(ક્રમશઃ)* ◆